R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 23•ISSUE: 29 DATE: 20-07-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનન્ત
પાલડી,અમદાવાદ-૭

## સારા રસ્તાઓ જોઇતા હોય તો જીંદગીભર તમારે ટોલ ટેક્ષતો ભરવો પડશે : નીતિન ગડકરી

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ લોકસભામાં એક સવાલનો જવાબ આપતાં કહ્યુ હતું કે જો લોકોને સારા રસ્તા જોઈતા હોય તો તેમણે જીંદગીભર ટોલટેક્ષ ભરવો પડશે.તેમણે સ્પષ્ટતા કરી છે કે ટોલ સિસ્ટમ જારી રહેશે કેમકે સરકાર પાસે પુરતું ભંડોળ નથી. લોકસભામાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય પાસેથી ગ્રાન્ટની માંગણી માટે થયેલી ચર્ચા દરમિયાન તેમણે કહ્યુ હતું કે છેલ્લા પાંચ વર્ષમાં સરકારે ૪૦હજાર કી.મી.ના હાઈવે બનાવ્યા છે.

દેશના વિવિધ રાજ્યોમાં ટોલ લેવાને લઈને કેટલાક સભ્યોએ ચિંતા વ્યક્ત કરી હતી અને તેના જવાબમાં ગડકરીએ કહ્યુ હતું કે ટોલ એવા વિસ્તારોમાં લેવામાં આવે છે જ્યાં લોકો તેને ભરવા માટે સક્ષમ હોય છે અને તેઓ તે રુપીયાથી ગામડાં અને પર્વતીય વિસ્તારોમાં રોડ બનાવવામાં આવે છે. ગડકરીએ કહ્યુ હતું કે ટોલ ઓછો-વધુ થઈ શકે છે.પરંતુ સંપુર્ણ પણં બંધ થઈ શકે નહીં. ટોલનો જન્મદાતા હું છું. જો લોકો સારી સેવાઓ ઈચ્છતાહોય તો તેમણે તેના માટે રુપીયા પણ ચુકવવા પડશે. સરકાર પાસે રુપીયા નથી.

રોડ બનાવવાના પ્રોજેક્ટ માટે જમીન સંપાદન સૌથી મોટી સમસ્યા છે.તેમ જણાવતાં ગડકરીએ રાજ્ય સરકારોને અપીલ કરી છે કે તેઓ આ સમસ્યાનો ઉકેલ લાવે અને કંઈક રસ્તો શોધવામાં મદદ કરે. બંગાળ અને બિહારમાં જમીન સંપાદન કરવાની પ્રક્રિયા ઘણી ધીમી છે.૨૦૧૪માં જ્યારે મે આ મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો ત્યારે ૩.૮૫ લાખ કરોડના ૪૦૦થી વધુ પ્રોજેક્ટ બંધ હતા તેમ જણાવતાં તેમણે કહ્યુ હતું કે મોદી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૩ લાખ કરોડની એનપીએ બચાવી છે.અને તેનો ઉપયોગ આ પ્રોજેક્ટ માટે કર્યો છે.મોદી સરકાર પ્રથમ વખત સત્તામાં આવી ત્યારે ૩.૮૫ લાખ કરોડ રુપીયાના ૪૦૩ પ્રોજેક્ટ પડી રહ્યા હતા.

## ભારતમાં મુસ્લીમો પર થતાં હુમલાઓ રોકવા બ્રિટિશ સરકાર દખલગીરી કરે : લેબર પાર્ટી

ભારતમાં મુસ્લીમ સમાજના લોકો પર થઈ રહેલા હિંસક હુમલા અને અત્યાચારના મુદ્દે યુનાઈટેડ કિંગડમની લેબર પાર્ટીએ ચિંતા વ્યક્ત કરી છે. અને બ્રિટીશ સરકારને આ મુદ્દે ધ્યાન આપવા અને દખલગીરી કરવાની વિનંતી કરી છે. લેસ્ટર સાઉથ વિસ્તારના લેબર પાર્ટીના સાંસદ જોનાથાન એસવર્થે ગયા અઠવાડિયે વડાપ્રધાન પદની રેસના દાવેદાર અને વિદેશ પ્રધાન જેરમી હંટને પત્ર લખ્યો હતો અને માંગણી કરી હતી કે ભારત સરકાર આવા હુમલા રોકવા માટે ખાસ કામગીરી બજાવતી નથી.અને એથી ભારતમાં મુસ્લીમ સમાજની સુરક્ષાના મુદ્દે ચિંતા થાય છે.તેમણે જેરેમી હંટને વિનંતી કરી હતી કે આ બાબતે તેઓ ધ્યાન આપે અને એને રોકવા માટે પગલાં લે. ભારતમાં ખરેખર ચિંતાજનક સ્થિતિ છે. ભારતમાં ધર્મ અને જાતિના નામે હિંસા,રમખાણ અને ભેદભાવ થતો હોવાના અહેવાલો પણ મળી રહ્યા છે. લોકોને તેમના ધર્માના આધારે જીવવાનો અધિકાર છે.

આ પત્રના જવાબમાં ફોરેન એન્ડ કોમનવેલ્થ ઓફિસ(એફસીઓ)ના નામે ઓળખાતી વિદેશ ખાતાની ઓફિસે જવાબ આપ્યો હતો કે અમે પણ જાતિ કે ધર્મના આધારે ભેદભાવભરી જે ઘટનાઓ બને છે એની નિંદા કરીએ છીએ.ભારતમાં લઘુમતી મુસ્લીમ કોમની પરિસ્થિતિ સુધારવા માટે અમે કાર્યરત છીએ.

ગયા મહિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં થયેલી મોબ લીચીંગની ઘટના વિશે દુઃખ વ્યક્તિ કર્યું હતુ તેમણે જણાવ્યુ હતું કે આકેસમાં આરોપીઓને સખતમાં સખ્ત સજા કરવામાં આવે. ઝારખંડ હોય કે પશ્ચીમ બંગાળ,કેરળ હોય કે ઉત્તર પ્રદેશ ,દેશમાં ધર્મના નામે થતી હિંસક ઘટનાઓ રોકવામાં આવે એ બાબતે તેમણે ભાર મુક્યો હતો.




## વન-ડે વર્લ્ડ ચેમ્પીયનશીપમાં ઈગ્લેન્ડે ન્યુઝીલેન્ડને ફાઇનલમાં હરાવીને ટુર્નામેન્ટ જીતી

વન-ડે ક્રિકેટના ઈતિહાસમાં કોઈ મેચ ટાઈ પડે અને ત્યાર બાદ પરિણામ લાવવા માટે રમાતી સુપર ઓવર પણ ટાઈ પડે તેવા જુજ કિસ્સાઓમાં હવે વર્લ્ડ કપનો પણ સમાવેશ થઈ ગયો.ભારે રોમાંચ બાદ ઈગ્લેન્ડે ન્યુઝીલેન્ડ સામે મેચ જીતી લીધી. આ સાથે ૪૪ વર્ષ બાદ ઈગ્લેન્ડે પહેલી વાર વર્લ્ડ કપ જીતી લીધો હતો.જો કે પહેલા ટાઈટલ માટે ઈગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે ભારે રસાકસી સર્જાઈ હતી.જેમાં ઈગ્લેન્ડનો હાથ ઉપર રહ્યો હતો.છેલ્લા ૪૪ વર્ષથી નસબી ઈગ્લેન્ડને દગો દઈ રહ્યું હતું પરંતુ આ વખતે નસીબે તેમને સાથ આપ્યો હતો.છેલ્લી સુપર ઓવરમાં ઓવર થ્રોના ચાર રનના બદલે છ રન મળ્યા જે તેમની જીતનો પાયો બન્યા. જો કે ખરેખર તો પાંચ રન જ આપી શકાય છતાં એમ્પાયરે છ રન જાહેર કરતાં ઈગ્લેન્ડની તરફેણમાં બાજી પલટાઈ ગઈ હતી.સૌથી વધુ બાઉન્ડરી મારવાના નાતે ઈગ્લેન્ડ વિજેતા જાહેર થયું હતું.ન્યુઝીલેન્ડ સતત બીજી વાર વર્લ્ડ કપમાં ફાઈનલમાં પહોચ્યું અને રનર્સ અપથી સંતોષ માનવો પડયો હતો.

બેન સ્ટોકસ્ ને ફાઈનલમાં મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો . પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ માટે કેન વિલિયમ્સન જાહેર કરાયો હતો.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## નવજોત સિધ્ધુએ પંજાબમાં કોગ્રેસના કેબિનેટ મંત્રીપદેથી રાજીનામું આપ્યું

ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા નવજોતસિંહ સિધ્ધુએ પંજાબમાં કોગ્રેસના કેબિનેટ મંત્રીપદેથી રાજીનામું આપ્યું છે. તેમણે રાજીનામાનો પત્ર રાહુલ ગાંધીને આપ્યું હતું.

જો કે પંજાબ કોગ્રેસમાં મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહ અને સિધ્ધુ વચ્ચે મતભેદો ચાલી રહ્યા હતા. તેના પગલે તેમણે રાજીનામું આપ્યું હતું. લોકસભાની ચુંટણી દરમિયાન બંને વચ્ચે મતભેદો વધુ વકર્યા હતા. નિયમો મુજબ કેબિનેટ મંત્રીએ રાજયના મુખ્યમંત્રીને રાજીનામું આપવાનું હોય છે પરંતુ સિધ્ધુએ પોતાનું રાજીનામું રાહુલ ગાંધીને સોપ્યુ હોવાનું ટ્વિટ કર્યુ હતું.



સિધ્ધુએ લોકસભા ચુંટણીમાં કોગ્રેસના ખરાબ પ્રદર્શનને લઈને પોતાને નિશાન બનાવવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો.સિધ્ધુ પાસેથી પોતાનો વિભાગ લઈ લેવાયો હતો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારતીય રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનરો અને અધિકારીઓ જે બાબતે સંમત નહોતા તે સરકારે જાલન કમિટી પાસે કરાવી દીધું. દેશની કેન્દ્રીય બેન્ક એવી રિઝર્વ બેન્ક પાસે આશરે ૯ લાખ કરોડ રુપીયાનું સરપલ્સ ફંડ છે અને આ ફંડને સરકારને ટ્રાન્સફર કરવાના મુદે ગયા વર્ષે ડિસેમ્બરમાં બનાવવામાં આવેલ બિમલ જાલન કમિટીએ ફાઈનલ રિપોર્ટ તૈયાર કરી દીધો છે.અને ન્યુઝ એજન્સીઓએ સાધનોના હવાલે જણાવ્યું છે કે આ કમિટિએ આગામી ૩ થી ૫ વર્ષમાં અલગ અલગ હિસ્સામાં સરકારને આ ફંડ ટ્રાન્સફર કરવાની ભલામણ કરી છે. આરબીઆઇ કેપિટલ રિઝર્વ વિશે જાલન કમિટીની છેલ્લી બેઠક થઇ હતી. જો કે આ કમિટિએ કેટલી રકમ ટ્રાન્સફર કરવાની ભલામણ કરી છે તેની જાણકારી નથી.

સરકારની બજેટ ખાધ કેવી રીતે પુરવી તે એક મોટો સવાલ હતો જેઆરબીઆઇનું સરપ્લસ ફંડ મળે તો તેનાથી સરકારની બજેટ ખાધને કાબુમાં રાખવામાં મદદ મળશે.આ સિવાય સરકારને આરબીઆઇ પાસેથી આ વર્ષે ડિવિડન્ડના રુપે રુ.૯૦,૦૦૦ કરોડ મળવાના છે.૨૦૧૮માં આ રકમ રુ.૬૮,૦૦૦ કરોડ હતી. આરબીઆઇના રિઝર્વ ફંડને નક્કી કરવા માટે ૧૯૯૭માં વી. સુબ્રમણયમ કમિટી,૨૦૦૪માં ઉષા થોરાટ કમિટી, અને ૨૦૧૩માં વાય.એસ માલેગાંમ કમિટી બનાવવામાં આવી હતી.

ટુંકમાં સરકારને પોતાની પાસે નાણાંનો અભાવ હોવાથી અનેક યોજનાઓ પુરી કરવામાં નાણાંખેચ પડી રહી છે. અને આવકના સ્ત્રોત્રો રહ્યા નથી. વધુ ટેક્સ નાંખીને પણ તેઓ લોકોને નારાજ કરી શકે તેમ નથી. તેથી માત્ર આરબીઆઇના સરપ્લસ ફંડનો ઉપયોગ કરીને સરકાર તેમની આકાંક્ષાઓને પુરી કરી શકે છે.

મોદી સરકાર વિશ્વનુ સૌથી મોટું બજેટ બનાવવાની તમન્ના રાખે છે તેથી બજેટમાં જે કાઇ જોગવાઈઓ કરવી ઘટે તે માટેસરપ્લસ ફંડની આવશ્યકતા ઉભી થાય તો તેના માટેના ઉજળા સોર્સ તરીકે આપણી રિઝર્વ બેન્ક સહેલો અને સરળ વિકલ્પ હતો જેને કમિટિના રિપોર્ટે સરળ બનાવી દીધો છે.પાંચ ટ્રિલીયનનું અર્થતંત્ર બનાવવા માટેના ઉપાયો તરીકે પણ ગણી શકાય

## મંતવ્ય

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ ભારતીય નાગરિક કુલભુષણ જાદવને લગતા કેસનો ચુકાદો આપ્યો અને તેમની ફાંસીની સજા પર મનાઇ હુકમ આપી દીધો.પાકિસ્તાની લશ્કરી કોર્ટે બળજબરીથી કબુલાત કરાવીને જાદવને ફાંસીની સજા ફટકારી છે. જેને ભારતે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં પડકાર્યો છે.ભારતીય નેવીના નિવૃત અધિકારી જાદવ સામે જાસુસી અને આતંકવાદના આરોપો લાગ્યા છે. કોર્ટના પ્રમુખ જજ અબ્દુલકાવી અહેમદ યુસુફ નેધરલેન્ડના હેગમાં પીસ પેલેસમાં જાહેરમાં આ બાબતે ચુકાદો વાંચી સંભળાવ્યો. જજ યુસુફની આગેવાની હેઠળ ૧૫ સભ્યોની બેન્ચે ભારત અને પાકિસ્તાનની મૌખિક દલીલો સાંભળી હતી.અને તેમનો ચુકાદો અનામત રાખ્યો હતો.

ભારત તરફથી આ કેસની દલીલો કરવા માટે હરીષ સાલ્વે ઉતર્યા હતા. જે દેશના સર્વોચ્ચ અને મોંઘાં વકીલોમાં ગણના થાય છે. તેમણે રુ.૧માં દેશ વતી આ કેસમાં દલીલો કરી હતી.આ કેસમાં હરીષ સાલ્વેનું મોટું યોગદાન છે.તેમનાથી વધુ ઉત્તમ રીતે કોઇ ન કરી શકે એવું આ કામ માટે કહેવાતું હતું. જેને સાલ્વેથી સાબિત કરી આપ્યું.તેઓ દેશના સોલીસીટર જનરલ પણ રહી ચુક્યા છે.હવે કુલભુષણના ફાંસી પર રોક લગાવતાં દેશમાં તેમના ચાહકોમાં આનંદની લાગણી ફેલાઇ ગઇ છે.હવે કોર્ટના આદેશ મુજબ તેમને ભારતના રાજદ્વારીને મળવા દેવા માટેનો આદેશ કર્યો છે.પંદર વિરુધ્ધ એક જજના આ અભુતપુર્વ ચુકાદાને સહુકોઇએ વધાવી લીધો છે.હરીષ સાલ્વેને આ બાબતે જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

પ્રભુ.કે જાદવ


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ચીની સૈનિકો લદાખમાં ૬ કી.મી. અંદર ઘુસી :ડેમચોકમાં આવીને ભારતીય સીમામાં ચીનના ઝંડા લગાવ્યા

દોકલામ વિવાદના બે વર્ષ બાદ ચીની સેનાએ ફરી એક વખત ભારતીય વિસ્તારમાં ઘુસણખોરી કરી છે. ચીનની પીપલ્સ લીબરેશન આર્મીએ થોડાક દિવસ અગાઉ જમ્મુ-કાશ્મીરના લદાખ ના પુવી ડેમચોક વિસ્તારમાં ૭ કી.મી. ભારતીય વિસ્તારમાં ઘુસણખોરી કરીને પોતાના ધ્વજ લહેરાવ્યા હતા. હાલમાં સ્થાનિક રહેવાસી તિબેટના ધર્મગુરુ દલાઇ લામાનો જન્મ દિવસની ઉજવણી કરી રહ્યા છે. ત્યારે ચીને આ પગલું ભર્યું છે. ડેમચોકના સરપંચે ચીનના સેનાની ઘુસણખોરીનું સમર્થન આપ્યું છે. આ સૈનિકો સૈન્ય વાહનોમાં બેસીને ભારતીય સરહદમાં આવ્યા હતા. અને ચીનના ઝંડા લહેરાવ્યા હતા. સરપંચ ઉરગેન યોદોને જણાવ્યુ હતું કે ડેમચોકમાં ચીની સૈનિકોનો આવવાનો હેતુ કંઇક અલગ હતો.તેમણે કહ્યુહતું કે ચીની સૈનિકોની ઘુસણખોરી ચિંતાની વાત છે.ચીન આ પ્રકારની હરકત કરીને ભારત પર દબાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. જેથી ક્યારેય પણ વાતચીત થાય તો તે સમયે આ વિસ્તાર પર તેનો દાવો થઇ શકે.ચીન આ કહી શકે છે કે અહીં ચીનનો ઝંડો છે અને તો તેનો ટેન્ટ છે, એવામાં આ વિસ્તાર તેનો છે.

ચીને પહેલી વખત આવું નથી કર્યું. અહીં વાસ્તવિક નિયંત્રણ રેખા પાસે કે નાળા પાસે હજુ પણ ચીનના બે ટેન્ટ લાગેલા છે.. ઓગષ્ટ ૨૦૧૮માં ચીને આ વિસ્તારમાં ઘુસણખોરી કરી હતી. અને અનેક ટેન્ટ સ્થાપિત કર્યા હતા. ભારતના વિરોધ બાદ તેણે અનેક ટેન્ટ હટાવી દીધા હતા.પરંતુ હજુ પણ બે ટેન્ટ ત્યાં જ છે.એટલું જ નહીં પણ ચીને સરહદની પેલી બાજુ મોટાપાયે માર્ગો બનાવી લીધા છે. અને માળખા ગત ઢાંચાને મજબુત કરી દીધા છે. સરપંચે કહ્યુ કે તેઓ અનેક વર્ષોથી દલાઇ લામાનો જન્મદિવસ ઉજવી રહ્યા છે. પરંતુ ચીના સૈનિકો આટલા અંદર સુધી પહેલી વખત આવી પહોચ્યા છે. સેના અને સરકારને પણ આ કાર્યક્રમની માહિતી છે. આ વિસ્તાર લદાખમાં ભારત અને ચીનની વચ્ચેનો અંતિમ રહેણાંક વિસ્તાર છે.

દિલ્હી સાઉથ બ્લોકને ટાંકીને તૈયાર કરાયેલા એક અન્ય રિપોર્ટ પ્રમાણે ચીનની સેનાના જવાનો સાદા કપડામાં આવ્યા હતા. અને તેમણે સરહદ ઓળંગી નહોતી પણ તિબેટના ટુકડા કરવાની તમામ પ્રવૃતિઓ બંધ કરી દો તે મતલબના બેનરો ભારતીય સેના સામે દર્શાવ્યા હતા.ચીની સૈનીકોએ સરહદ ઓળગી છતાં ભારત તેનો બચાવ કરે છે.

# શહેરોમાં ખાનગી જમીનો પરની ઝુંપડપટ્ટી હટાવીને રિ-ડેવલપમેન્ટની સ્કીમ મુકવાની યોજનાને સરકારની મંજુરી

ગુજરાતના શહેરોમાં ખાનગી જમીનો પર બંધાયેલ ઝુપડપટ્ટીઓનું રિ-ડેવલપમેન્ટ કરવાની યોજનાને રાજયના મંત્રીમંડળની બેઠકમાં મંજુરી અપાઇ છે. આ યોજના ઘણા સમયથી પડતર હતી. જેનો નિકાલ થતાં ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોને રહેણાંક ફ્લેટ મળશે અને રિ-ડેવલપમેન્ટ કરનાર બિલ્ડરને ઉંચી એફએસઆઇ મળવાથી સદર જગ્યાઓનો કોમર્શીયલ ઉપયોગ પણ થશે. આ અગાઉ રાજ્ય સરકારે સરકારી જમીન ઉપરની ઝુંપડપટ્ટીનું રિ-ડેવલપમેન્ટ કરવાની યોજના મંજુર કરેલી છે. ખાનગી જમીનો ઉપરની ઝુંપડપટ્ટી રિડેવલપમેન્ટ યોજના-૨૦૧૯ નામક મંજુરી થયેલી આ નવી નીતિ હેઠળ જેઓ નોટીફાઇડ ઝુંપડપટ્ટી વિસ્તારમાં પહેલી ડિસેમ્બર ૨૦૧૦ પહેલાં રહેતા હશે તે લોકોને રિડેવલપમેન્ટનો લાભ મળશે. મ્યુની કોર્પો. વિસ્તારમાં મ્યુ.કમિશ્નરના વડપણ હેઠળની સમિતિ આવા રિડેવલપમેન્ટ સ્કીમને મંજુરી આપશે. અથવા સ્કીમ ફગાવી દેશે. આ યોજના વાસ્તવમાં ઘણી જુની છે અને ક્યા શહેરી વિસ્તારમાં ક્યાં ઝુપડપટ્ટી આવેલી છે તેની વિગતો શહેરી વિકાસ વિભાગ પાસે ઉપલબ્ધ હોવા છતાં સ્થાનિક સત્તા મંડળોને નવેસરથી વિગતો આપવાનું કહેવામાં આવ્યું છે.સુત્રો એવું કહે છે કે ઝુપડપટ્ટીના સ્થાને હાઇરાઇઝ ફ્લેટની સ્કીમ અસ્તિત્વમાં આવતાં સમગ્ર વિસ્તારની કાયાપલટ થશે. અને ખાનગી જમીનના માલિકને જમીનના વિકાસ માટે વધુ પ્રમાણમાં જમીન ઉપલબ્ધ થશે. સુત્રો કહે છે કે અમદાવાદ,સુરત,રાજકોટ,વડોદરા જેવા મહાનગરોમાં મોટા પ્રમાણમાં ખાનગી જમીનો ઉપર ઝુંપડપટ્ટીના રુપમાં દબાણ થયેલું છે તેથી આવી જમીનો પર રિડેવલપમેન્ટ કરવા માટે નવી પોલીસી બનાવવામાં આવે એવી સંખ્યાબંધ રજુઆતોને પગલે આ નવી યોજના જાહેર થઇ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૯૨


# ધાર્મિક નારાની આડમાં હિંસા કરનારા સામે કાર્યવાહી જરુરી : માયાવતી

બહુજન સમાજવાદી પાર્ટીના પ્રમુખ માયાવતીએ બળજબરીથી ધાર્મિક નારો લગાવવા અને એના નામે થતી અત્યાચારની ઘટનાની આકરા શબ્દોમાં નિંદા કરી છે.બીએસપી નેતા માયાવતીએ કહ્યુ કે આ પ્રકારની બળજબરી કરનારા લોકો સામે સરકારે કાર્યવાહી કરવી જોઇએ.માયાવતીએ ટ્વિટ કરીને કહ્યુ કે ઉત્તરપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં ધાર્મિક નારા લગાવવા દબાણ કરવું અને એના આધારે જુલમો કરવાની એક નવી પ્રથા શરુ થઇ ગઇ છે. જે અત્યંત નિંદનીય છે.કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે આ હિંસક પ્રવૃત્તિના વિરુધ્ધમાં સખ્ત વલણ અપનાવવાની જરુર છે. જેથી ભાઇચારો અને સદભાવના કાયમ રહે અને વિકાસની પ્રક્રિયા પ્રભાવિત થાય નહીં. બાગપત જિલ્લાના દોઘટ વિસ્તારમાં એક મસ્જીદના ઇમામ સાથે કેટલાક યુવકોએ કથિત રીતે મારપીટ કરીને એમની દાઢી ખેંચીને તેમને જયશ્રી રામ બોલવા દબાણ કર્યુ હતું.જો કે પોલીસ આ માટે મારપીટની કાર્યવાહીનો કેસ નોંધ્યો છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# વિશ્વભરમાં પ્રેસની સ્વતંત્રતા પર ભય ?

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કહ્યુ હતું કે 'નાગરિકની સ્વતંત્રતા અત્યંત પવિત્ર છે.તેની સાથે કોઇપણ બાંધછોડ કરી શકાય નહીં.નાગરિકને આપેલી સ્વતંત્રતાનું ગળું ટુંપી શકાય નહીં.' યુપીના મુખ્યમંત્રી આદિત્યનાથ વિરુધ્ધ વાંધાજનક ટીપ્પણી કરનાર સોશ્યલ મીડીયા પોસ્ટના આરોપી ફ્રીલાન્સ પત્રકાર પ્રશાંત કનોજિયાની ધરપકડ કરાઇ હતી. તેમણે એક વીડીયો શેર કર્યો હતો.જેમાં એક મહિલાએ દાવો કર્યો હતો કે તેણી યોગી આદિત્યનાથ સાથે લગ્નનો પ્રસ્તાવ મોકલ્યો છે.આ સાથે ટીપ્પણી કરનાર પત્રકારની યુપી પોલીસે ધરપકડ કરી હતી. જેની સુપ્રીમ કોર્ટે આકરી ટીકા કરી હતી.તેમજ પત્રકારને તાત્કાલિક જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

યુ.પીના મુખ્યમંત્રી એક આદરણીય અને સન્માનીય વ્યક્તિ છે.તેમની વિરુધ્ધ ગમે તેવી ટિપ્પણી કરી શકાય નહીં.પરંતુ માનસિક રીતે અસંતુલિત એક મહિલાના વીડીયો પરની ટિપ્પણીના સંદર્ભમાં યુપી પોલીસે તે પત્રકારની ધરપકડ કરી અને પગલાં લીધા.અને તેના કારણે ચર્ચાઓ જામી પડી.યુપી પોલીસે પત્રકારની ધરપકડ કરી ત્યારે તેમણે બંધારણે આપેલી અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે પણ ખ્યાલ રાખવો જરુરી હતો.

તાજેતરમાં વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ ઉજવાયો. ચુંટણી પ્રચારના થ્રિલર-સ્ટંટ અને નાટ્યાત્મક ઘટનાઓના કારણે બહુ ઓછા લોકોનું ધ્યા પ્રેસની સ્વતંત્રતા પર ગયું હશે. બહું ઓછું લખાયું. વિશ્વભરની ઘટનાઓ, રાજનીતી,અર્થ નીતિ ,વિદેશનીતિ અને સમાજ વ્યવસ્થાની આલોચના કરનાર મીડીયા આજે ખુદ ચર્ચાના કેન્દ્રમાં છે.

તાજેતરમાં યુપીની પોલીસે એક પત્રકારના મો પર પેશાબ કર્યો. આ એક નીંદનીય ઘટના છે.આવી ઘટનાઓ પ્રશાસનની પ્રતિષ્ઠા ઘટાડે છે.બહુ ઓછા લોકોને ખબર હોય છે કે પત્રકારો આખો દિવસ ફિલ્ડ વર્ક કરીને મોડી રાત સુધી કેટલા તનાવ વચ્ચે કામ કરે છે.રોજે રોજની ઘટનાઓનું રિપોર્ટીંગ કરનારા પત્રકારો અને કમ્પ્યુટર સ્ક્રીન પર તેનું પેજીંગ કરાવનારા સંપાદકો રાતના ૧૧ થી ૧૨ સુધી ભોજન પણ લઇ શકતા નથી.દર શનિ કે રવિ પત્રકારો પોતાના પરિવાર સાથે ગુજારે તેમ બનતું નથી.તોફાનો કે કોમી દંગલો વચ્ચે કરફ્યુ પાસ લઇને ફરવું પડે છે. પથ્થર ક્યાંથી આવશે ક્યારે ફેંકાશે તે તેને ખબર હોતી નથી.પત્રકારત્વ એ ગ્લેમરસ જોબ નહીં પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી સાથેનો ગંભીર વ્યવસાય છે.અસહિષ્ણુ તત્વો પત્રકારની કે લેખકની હત્યા કરવા સુધી પહોચી જાય છે તેથી આ કાર્ય કેટલું ગંભીર છે તે સમજવુ જરુરી છે.બધાજ પત્રકારો કલીન છે,તટસ્થ છે તેવો દાવો થઇ શકે તેમ નથી.પરંતુ તે કારણે સમગ્ર મીડીયાને દોષ દઇ શકાય નહીં.ભારત દેશનું મીડીયા આજે પણ લોકશાહીના ચોથા સ્તંભ સમાન મજબુતીથી ઉભુ છે.

મીડીયાની ટીકા કરનારાઓ એ વાત જાણી લેવી જોઇએ કે દેશ-વિદેશના મોટા કૌભાંડોનો પર્દાફાશ પત્રકારોને આભારી છે.કટોકટી દાખલ કરનાર પુર્વ વડાપ્રધાન ગાંધી મીડીયા સેન્સરશીપના કારણે ચુટણી હારી ગયા હતા.પરંતુ હવે પ્રેસની સ્વતંત્રતા ની બાબતમાં પરિસ્થિતિ બદલાઇ છે.આજે મીડીયા પર રાજનૈતિક,અપરાધિક અને આતંકવાદી જુથોનો સહુથી મોટો ભય છે. આ બાબતમાં ભારત પણ બાકાત નથી.વિવાદસ્પદ બાબાઓ,બાપુઓ અને લંપટ ધર્મગુરુઓની વિલાસલીલાનો જ્યારે પર્દાફાશ થાય છે ત્યારે તેઓ મીડીયા સામે બદલો લેવા હિંસક પણ બની જાય છે.

આજકાલ ઇલેક્ટ્રોનીક્સ મીડીયા પર કેટલાક સ્થાપિત હિતોનો કબજો હોવાથી પત્રકારત્વનો આત્મા રુંધાઇ ગયો છે.કેટલાક હજુરીયાઓની ટોળીને કારણે સમગ્ર મીડીયા પરેશાન છે. પરંતુ તેની સામે કોઇ લડત આપી શકે તેવા પત્રકારોનો તોટો છે. પરંતુ વિશ્વભરમાં ભયની પરવાર કર્યા વગર જાન લડાવી દેનાર પત્રકારોનો પણ એક વર્ગ છે.

કલમની તાકાત શુ ના કરી શકે એ બાબત હવે ધીમ ધીમે ભુલાતી જાય છે.કેક ન્યુઝ,પેઇડ ન્યુઝ,પ્યોર ન્યુઝ વચ્ચે હવે વોર ચાલી રહી છે.સોશ્યલ મીડીયામાં ન્યુઝ ચેનલોની ભરમાર ચાલી છે તેણે પ્રિન્ટ મીડીયાની અસરને ઝાંખી પાડી દીધી છે.ખેર,વિજાણુ મીડીયા ની અસર નવા લોકો પર વધુ જોવા મળે છે.

(સૌ.સંદેશ મુળ લેખ :દેવેન્દ્ર પટેલ રેડ રોઝ આધારીત)

# ભાજપમાં વિશ્વાસ-પ્રતિબધ્ધતા જેવું કંઇ રહ્યુ નથી : ઉત્પલ પારિકર

પુર્વ દિવંગત મુખ્યપ્રધાન મનોહર પારિકરના પુત્ર ઉત્પલ પારિકરે ભાજપ પર નિશાન તાકતા કહ્યુ હતું કે મારા પિતાના મોત બાદ ભાજપમાં વિશ્વાસ-પ્રતિબધ્ધતા જેવા શબ્દો ખતમ થઇ ગયા છે. મારા પિતાના સમયે વિશ્વાસ-પ્રતિબધ્ધતા જેવા શબ્દો ભાજપના મુળમાં હતા.પરંતુ ૧૭ માર્ચ બાદ ભગવા પાર્ટીએ અલગ રાહ પકડી લીધી છે.તેમણે કહ્યુ કે આવનાર સમય દેખાડશે કે આ સાચું કે ખોટું. ઉત્પલે કહ્યુ કે જે કંઇ પણ થઇ રહ્યું છે તે તેમના પિતાનો રસ્તો નથી.મારા પિતાનું અવસાન થયું હતું ત્યારે હું એ વાત જાણતો હતો કે આવું થશે.પરંતુ ગોવાના લોકોને તો હવે ખબર પડી.

રાજયસભાના કોંગ્રેસ નેતા ગુલામનબી આઝાદે એવો આક્ષેપ કર્યો હતો કે જ્યારથી કેન્દ્રમાં ભાજપ આવ્યો ત્યારથી તે એક પછી એક કોંગ્રેસ સરકારને ઉથલાવી રહ્યો છે.ભાજપ લોકશાહી અને વિપક્ષને ખતમ કરી રહ્યો છે. આ મામલો વિધાનસભા અધ્યક્ષના અધિકારમાં આવે છે તેથી અંતિમ નિર્ણય લેવાની સત્તા સ્પીકરના હાથમાં છે.

કર્ણાટકની કટોકટીના મુદ્દે નિશાન પર લેતાં કહ્યુ હતું કે ભાજપ વિપક્ષી સરકારોને અસ્થિર કરી રહ્યું છે. ભાજપ મની પાવર અને ઇવીએમના દુરપયોગ કરીને કેન્દ્રમાં સત્તા પર આવ્યો છે.માયાવતીએ ભાજપ પર નિશાન સાધ્યું

## જાણવા જેવું !

૧૯મી સદીમાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# અમેરિકાની સંસદે ગ્રીન કાર્ડ પરની મર્યાદા હટાવતાં ભારતીયોને ફાયદો થશે

અમેરિકાની સંસદમાં જુદા જુદા દેશોને ફાળવવામાં આવતાં ગ્રીન કાર્ડ ઉપરની સાત ટકા મર્યાદાને હટાવવા માટેના બિલને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી છે. આ બિલ પસાર થઇ જતાં હવે ભારત સહિતના દેશો ઉપરથી ગ્રીન કાર્ડની મર્યાદા દુર થશે અને તેનો સીધો લાભ ભારતીય પ્રોફેશનલોને થઇ શકે છે. ભારતમાંથી મોટાપાયે આઇટી નિષ્ણાંતો યુએસ વિઝા દ્વારા રોજગાર માટે જાય છે. અને ત્યારબાદ ગ્રીન કાર્ડ માટે પ્રયાસ કરે છે. યુએસમાં કાયમી વસવાટ અને રોજગાર માટે ગ્રીન કાર્ડ ઇશ્યું કરવામાં આવે છે. અમેરિકાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવ્સમાં બિલ પસાર થઇ જતાં હવે તે કાયદાનું રુપ લેશે.યુએસમાં ગ્રીન કાર્ડ મર્યાદા હટાવવાનો કાયદો ઘડાયા બાદ ભારત સહિત અન્ય દેશોના નિષ્ણાંતો ગ્રીનકાર્ડ મેળવી યુએસમાં કાયમી માટે સ્થાઇ થઇ શકશે.અત્યાર સુધી ભારતીય આઇટી નિષ્ણાંતોમાં એચ ૧બી વિઝા વધુ પ્રચલિત છે.યુએસમાં દેશ દીઠ સાત ટકા જ ગ્રીન કાર્ડની મર્યાદા હોવાથી સ્કિલ્ડ પ્રોફેશનલ્સને સૌથી વધુ સહન કરવું પડતું હતું.કેટલાક રિપોર્ટ મુજબ એચ૧બી વિઝા ધારકો માટે ગ્રીન કાર્ડ મેળવવા માટેનો ગાળો લંબાઇને ૭૦ વર્ષ થઇ ગયો હતો.

કોંગ્રેસનલ રિસર્ચ રિપોર્ટ મુજબ યુએસ સંસદમાં સાત ટકાની ગ્રીન કાર્ડ મર્યાદાને હટાવતું બિલ પસાર કરવામાં આવ્યું છે. નવા કાયદા અંતર્ગત હવેથી વર્ષમાં પરિવાર આધારિત ઇમીગ્રેશન વિઝાનો સાત ટકાની મર્યાદાને હટાવીને પ્રત્યેક દેશને કુલ વિઝાના ૧૫ ટકા ગ્રીન કાર્ડ ઇસ્યુ કરવામાં આવી શકે છે. અગાઉ રોજગારી આધારિત ઇમીગ્રેશન વિઝાના આધારે સાત ટકા ગ્રીન કાર્ડની મર્યાદા નાબુદ કરવામાં આવી છે. આ ઉપરાંત ચીનમાંથી વ્યક્તિગત વિઝાની અરજીમાં ઘટાડા માટે જવાબદાર ઓફસેટને પણ હટાવવામાં આવ્યું છે.આ બિલ હવે સેનેટમાં રજુ કરાશે અને વિપક્ષ રિપબ્લીકન આ ગૃહમાં બહુમતી ધરાવે છે. ત્યારબાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેના પર હસ્તાક્ષર કરશે.

અત્યાર સુધી અમેરિકામાં વાર્ષિક ૧,૪૦,૦૦૦ ગ્રીનકાર્ડ જારી કરાતાં હતાં.જેમાં દરેક દેશને ૭ ટકા ગ્રીન કાર્ડની ફાળવણી થતી હતી. તેના કારણે સેકડો ભારતીયો વર્ષોથી ગ્રીન કાર્ડ મળે તેની રાહ જોઇ રહ્યા છે. હવે આ ખરડાને અમેરિકી સંસદની મંજુરી મળતાં જ આ મર્યાદા દુર થઇ જશે.

ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરીટીઝના એક અહેવાલ મુજબ ટ્રમ્પ શાસને જે સાત ટકાની કેપનો નિયમની વાત કરી હતી. તે મુજબ માત્ર ૯૮૦૦ લોકોને જ દર વર્ષે ગ્રીન કાર્ડ મળે. ૨૦૧૭માં ૧૧,૨૭,૧૬૭ લોકોને ગ્રીન કાર્ડ આપવામાં આવ્યા હતા.૨૦૧૬માં આ આંકડો ૧૧,૮૩,૫૦૫ અને ૨૦૧૫માં ૧૦,૫૧,૦૩૧ લોકોને ગ્રીન કાર્ડ અપાયા હતા.જો કે આ ખરડા બાદ મોટા ભાગના ભારતીયો જેમને ગ્રીન કાર્ડ મેળવવાની ઇચ્છા હતી તે બર આવશે અને તેઓ અમેરિકામાં સ્થાઇ થવા માટેની ઇચ્છા પુરી થશે.

# ટીએમસીના નેતાઓ પ્રજાની માંફી માંગે : મમતા બેનરજી

લોકસભાની ચુંટણીમાં ખરાબ દેખાવ પછી પશ્ચિમ બંગાળની પાર્ટી ટીએમસીના નેતાઓ સતત પાર્ટીઓ છોડી રહ્યા છે.એવામાં રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પાર્ટીના તમામ નેતાઓને વિનમ્ર વલણ અપનાવીને અને પોતાની ભુલોની માફી માંગવા જણાવ્યુ હતું. આ સિવાય તેમણે પાર્ટીના નેતાઓને ભ્રષ્ટાચારથી દુર રહેવા માટે ચેતવ્યા હતા.મમતા બેનરજીએ વિતેલા દિવસો દરમિયાન પાર્ટીના ધારાસભ્યો અને નેતાઓ સાથે બેઠક કરી હતી. અને નેતાઓને લોકોનો વિશ્વાસ મેળવવા માટે કહ્યુ હતું.ઉલ્લેખનીય છે કે લોકસભા ચુંટણીમાં હાર્યા બાદ પાર્ટી સાથે તેમની આ પહેલી બેઠક હતી. જેમાં તેમણે પાર્ટીના સભ્યોને પ્રજાનો સીધો સંપર્ક કરવા કહ્યુ હતું. આ બેઠકમાં તેમણે આશ્વાસન આપ્યુ હતું કે ૨૦૨૧ની વિધાનસભામાં પાર્ટી સારુ પ્રદર્શન કરશે .પાર્ટી છોડીને ચાલ્યા ગયેલાને પાછા લાવવા પ્રયત્ન કરો.

સિયામના લોકો પોતાના ઘરમાં દરવાજા અને બારીઓ એકી સંખ્યામાં રાખે છે. ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પુયટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૯૩૩૨૨

# સ્ત્રીનું સન્માન થાય ત્યાં દેવો પણ પ્રસન્ન થાય છે

ઈશ્વર વિશે કંઈ પણ લખવું-બોલવું અતિ અઘરુ છે. એવું જ સ્ત્રી માટે પણ કહી શકાય. ‘હરિ તારા નામ છે હજાર ‘એમ ‘ નારી તારા રુપ છે હજાર ‘ એવું કહેવું હોય તો કહી શકાય. આપણે એ ભુલવું જોઈએ નહીં કે,સ્ત્રી એક માતા છે. ભલે એના અનેક રુપો હોય, પણ એનામાં રહેલા માતૃત્વને શત શત વંદન કરીને પછી જ સ્ત્રી શબ્દ વિશે વાત કરી શકાય.શું ગારશતકમ્ (૨૦)માં કહ્યું છે : મુખ ચંદ્રકાન્તિમણિ જેવું, કેશ ઈન્દ્રીય નીલમણિ સમાન અનો હાથ પદ્મરાગમણિ જેવા હોવાના કારણે સ્ત્રીઓ રત્ન સ્વરુપ છે. એ રત્નને સાચવવાની જવાબદારી પુરુષની છે. કોઈએ કહ્યું છે : સ્ત્રીએ બ્રહ્માની ગમી જાય એવી ભુલ છે. એ ભુલ જ જગતજનની છે. મનુએ કહ્યું છે : સુયોગ્ય પત્ની પરિવારની શોભા અને ગૃહની લક્ષ્મી છે.એનામાં શું હોય છે ? એ શું કરી શકે છે ? વાલ્મીકી રામાયણ(૩-૧૩-૬)માં કહ્યું છે : સ્ત્રીઓ વિદ્યુતની ચપળતા, શસ્ત્રોની તીક્ષ્ણતા તથા ગરુડ એટલે કે વાયુની તીવ્ર ગતિનું અનુસરણ કરે છે.ધારે તે કરી શકવાની એનામાં ક્ષમતા છે.એ માત્ર પત્ની,દીકરી, માં, પ્રેમિકા, કે મિત્ર જ નથી, તે ઘણું બધું છે.વાલ્મીકી રામાયણ(૩-૪૫-૨૮)માં કહ્યું છે : સામાન્ય રીતે સ્ત્રીઓ વિનય વગેરે ધર્મો વિનાની,ચંચળ,કઠોર તથા ઘરમાં ઝટપટ કરનાર છે.એથી વધારે વિગત તો વાલ્મિકીએ પોતાના રામાયણમાં એના શ્લોકોમાં સ્ત્રીઓ વિશે કહ્યું છે: સ્ત્રીઓ માટે ન ઘર, ન ચાદરનો ઘુંઘટ,ન પડદાની ચાર દિવાલો,ન ચકચકિત પડદા ન એવા પ્રકારના રાજસત્કાર જ આડ કરવાવાળા છે.સ્વજનોનો વિયોગ થવા છતાં, યુધ્ધભુમિમાં, સ્વયંવર સભા,.યજ્ઞશાળા એ લગ્નમાં લોકોની સામે ઘુંઘટ સિવાય આવવું કોઈ દોષ નથી. ઉઘાડા મોએ આવા સમયે આવવા માં કોઈ વાંધો હોઈ શકે જ નહી.તો એમાં બીજી જગ્યાએ કહ્યું છે : શું તમે તમારી સ્ત્રીઓને સંતોષ આપો છો ? શું તે તમારા દ્વારા સુરક્ષિત છે ? તમે એમના ઉપર વધારે વિશ્વાસ તો કરતા નથી કે ? તમારી ખાનગી વાત એને કહી દેતા નથી ને ?

સ્ત્રી -સ્ત્રી(સં)બૈરી(૨)પત્ની(૩) નામ પુર્વે આવતા સ્ત્રી વાચક નારી જાતિ બનાવે છે. દા.ત. સ્ત્રી કવિ,સ્ત્રી પ્રમુખ વગેરે. મનુએ કહ્યું છે : જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે.આપણે સ્ત્રીનું સન્માન કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે આપણે માતૃત્વને વંદીએ છીએ. સ્ત્રીએ શું કરવું જોઈએ ? ઘર્માંમૃત(૧૨-૨૮)માં કહ્યું છે : કુલીન સ્ત્રીઓએ સદાય પોતાના પતિના મનને અનુકુળ વ્યવહાર કરવો જોઈએ,કારણકે પતિવ્રતા સ્ત્રીઓ ધર્મ,લક્ષ્મી,સુખ અને યશની એકમાત્ર ધ્વજા હોય છે.ઘરની ઈજ્જત, આબરુ,માન-મોભો જે કાંઈ છે તે સ્ત્રી છે.સ્ત્રી જ કુળને તારી શકે અને ડુબાડી શકે છે. જે ઘરમાં કુળવાન સ્ત્રી હોય એ ઘરમાં સદાય શાંતિ અને આનંદ હોય છે.સ્ત્રી તો કુટુંબનું નાક છે.હસતા મુખે કોઈને આવકાર આપવો, અતિથિનો સત્કાર કરીને એની સગવડ સાચવવી, ગુણવાન સ્ત્રી એ અનેક પેઢીઓ તારી શકે છે. ચાણક્યશતકમ(૯૦)માં કહ્યું છે : કિસાન માટે હંમેશા સુકાળ છે અને નિરોગી સદા સુખી છે. જેના ઘરમાં પ્રેમાળ સ્ત્રી છે એના ઘરમાં સદાય ઉત્સવ જ છે. પ્રેમ તો જગતનો શ્વાસ છે. પ્રેમાળ પત્ની એ ઘરનો દીપક છે. પ્રેમાળ સ્ત્રી તો ધુપસળી જેવી છે.જે પોતે બળીને બીજાને સુગંધ આપે છે.સ્કન્ધપુરાણ(૫૯-૨૭)માં કહ્યું છે : નિમ્ન કુળમાં જન્મેલી ભક્તિવાન સ્ત્રી જો ભક્તિમાં પુત્રની જનની હોય તો તે કુલી છે એવું હું કહું છુ. આ બધી બાબતો જ્યારે કુળભેદ હતા ત્યારની છે.સમયના પરિવર્તનની સાથે સાથે સમાજ-જીવનમાં પણ પરિવર્તન આવતું રહે છે.પણ આપણા શાસ્ત્રો-પુરાણોમાં જે બાબતો જણાવેલી છે એનો સમજવાની જરુર છે.એટલા માટે આપણે તે જોઈએ છીએ.યુગોથી સ્ત્રી એ જનેતા છે અને યુગો પછી પણ જનેતા જ રહેવાની છે. એનું માન-સન્માન એજ ભાવથી થવું જોઈએ. આપણે કહીએ છીએ કે સ્ત્રીના કારણેજ ઘર ઉજળું રહે છે.શુક્રનીતિ(૧-૧૧૪)માં કહ્યું છે : સ્ત્રીઓમાં જે આસક્તિ રાખતા નથી એમના માટે તે સુખદાયક હોય છે.કારણકે ઘરના કામમાં સ્ત્રી સિવાય બીજું કોઈ સહાયક બની શકતું નથી. ઘરની નાર જો કભારજા હોય તો એ ઘર તરફ કોણ ફરકે ?જ્યાં આવકાર ન મળતો હોય, પ્રેમથી કોઈ બોલાવનાર ન હોય , એ ઘેર કોઈ જાય ખરુ ?

આમ છતાં સ્ત્રીનું મન કોઈ કળી શકતું નથી.આપણે કહીએ છીએ કે બાળક કોનું છે એ મા સિવાય કોણ જાણે ?અગ્નિની જ્વાળાઓને વશમાં કરી શકાય છે.પવનને પણ પકડી શકાય છે. છંછેડાયેલા સાપને પણ વશમાં કરી શકાય છે.પણ કામિનીઓ(સ્ત્રીઓ)નું મન વશમાં કરી શકાતું નથી.જો કે દરેકનું મન તો ચંચળ જ છે. મનને કોઈ સિધ્ધ યોગી જ વશમાં કરી શકતા હોય છે. છતાં પુરુષના મનને વાંચી શકાય છે.એવું માનવાં આવે છે.સ્ત્રીઓ જેની સાથે રહેતી હોય,જે ઘર વાતાવરણાં જીવતી હોય, એ પ્રમાણેજ જીવવાનો પ્રયત્ન કરતી હોય છે.

ડૉ કિશોરસિંહ સોલંકી,
(સૌ. સંદેશ)


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ભારતે અમેરિકી ઉત્પાદનો પર લાદેલો જકાત વધારો તદ્દન અસ્વીકાર્ય : ડોનાલ્ડ ટ્રમ્પ

જી-૨૦ શીખર સંમેલન શરુઆત પહેલાં અમેરિકી પ્રમુખે ભારત અને ચીન વિરુધ્ધ પોતાના બળાપો કાઢ્યો હતો. અમેરિકાએ ભારતને આપેલો વિશેષ દરજ્જો પરત ખેચી લીધો હતો.ભારતે તેની વળતી કાર્યવાહી રુપે અમેરિકી માલસામાન પર ઝીંકેલા જકાત દર પર અમેરીકી પ્રમુખ અકળાયા હતા. તેમણે ભારતે અમેરીકી માલ સામાન પર લદાયેલ જકાત બાબતે પોતાની અસંમતિ દર્શાવી હતી.ભારતે જકાતમાં કરેલો વધારો તાત્કાલિક પાછો ખેચી લેવો જોઈએ તેવી વાત કહી હતી. અમેરિકાએ ભારતને આપેલા મહત્વના વેપાર કરાર વિશેષાધિકાર પાછા ખેચી લીધા હતા. ત્યાર બાદ ભારતે ૨૮ જેટલા ઉત્પાદનો પર આકરી જકાત લાદી હતી.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે જાપાનમાં આયોજિત જી-૨૦ દેશોની સમિટ પહેલાં કરેલા ટ્વિટમાં જણાવ્યુ હતું કે ભારત વર્ષોથી અમેરિકી ઉત્પાદનો પર ભારે જકાત વસુલી રહ્યો છે.તાજેતરમાં પણ ભારતે અમેરીકી ઉત્પાદનો પર જકાત વધારી છે. હું ભારતના વડાપ્રધાન મોદી સાથે આ અંગે વાત કરવાનો છું. આ તદન અસ્વીકાર્ય છે.અને અમેરિકા પર લાદેલા જકાત વધારાને ભારતે પાછા ખેચવા જ પડશે.

ભારત અને અમેરિકા દ્વારા વેપાર મામલે એકબીજા સામે લેવાઈ રહેલાં પગલાં મધ્યે ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણી બંને દેશો વચ્ચે વેપાર વિવાદને વધુ ભડકાવશે.વેપાર મામલે વિવાદને કારણે ભારત અને અમેરિકા વચ્ચેના સંરક્ષણ ગઠબંધનમાં પણ તનાવ જોવા મળી રહ્યો છે. ભારતની મુલાકાતે આવેલા અમેરિકી વિદેશ મંત્રી પણ ભારત સાથેના વેપાર તણાવને ઘટાડવાની અપીલ કરી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ હતું કે જાપાનમાં આયોજિત થઇ રહેલી જી-૨૦ દેશોની બેઠકમાં ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાત વેપાર કરાર પર કોઈ પ્રગતિ નહી થાય તો ચીની સામાન પર વધારાની જકાત લાદી દેવામાં આવશે.ચીન માટે મારો બી પ્લાન તૈયાર છે.અમે નવી જકાત લાદીને દર મહિને અબજો ડોલરની કમાણી કરીશું.અમે સીચ સાથેનો વેપાર એકદમ ઓછો કરી નાંખીશું.

ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણીનો જવાબ આપતાં ભારત સરકારે જણાવ્યુ હતું કે ભારતે લાદેલી જકાતો અન્ય વિકાસશીલ દેશોની સરખામણીમાં ઓછી છે. ભારતની જકાતો વિશ્વ વ્યાપાર સંસ્થાના નિયમોને અનુરુપ છે. કેટલાક સામાન પર ભારત કરતાં અમેરિકાની જકાતો વધારે છે.

વિશ્વભરમાં વ્યાપેલી વ્યાપાર મંદીમાં દરેક દેશ પોતાની આવક વધે અને પોતાના ઉત્પાદનો વિશ્વ બજારમાં વેચાય માટે હરિફાઈ મુક્ત બજાર ઈચ્છે છે.જેથી એકબીજા સામે અનેક વાર ખાંડા ખખડાવતા દેખાય છે.ઈરાન સાથે પરમાણુ મુદ્દે યુધ્ધનો દેખાવ કરીને અમેરિકાએ વિશ્વમાં પોતાનું ક્રુડનું વિશ્વ બજાર ઉભુ કરી દીધું છે.આપણે કમને તે સ્વીકાર્યું છે.

## જાણવા જેવું !

સિયામના લોકો પોતાના ઘરમાં દરવાજા અને બારીઓ એકી સંખ્યામાં રાખે છે.
ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.
વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.
આપણા શ્વાસમાં હિલિયન ગેસનું પ્રમાણ ૦.૦૦૦૫ ટકા હોય છે.આપણાં ઘરના તાપમાનમાં હિલીયન ગેસ રંગહીલ,સ્વાદહીન હોય છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.